### યુજીસી દ્વારા તમામ યુનિવર્સિટીને ખાસ પરીક્ષા યોજવા તાકીદ કરાઈ

# NCCના વિદ્યાર્થીઓ માટે યુનિ.એ હવે અલગથી પરીક્ષા યોજવી પડશે

## નવેમ્બર-ડિસેંબરમાં સેમેસ્ટર પરીક્ષાઓ યોજાતી હોઈ કેડેટ્સ આપી નથી શકતા

। વડોદરા ।

એનસીસીમાં જોડાયેલા વિદ્યાર્થીઓ માટે હવે, યુનિવર્સિટીઓએ અલગથી ખાસ પરીક્ષાઓ ગોઠવવી પડશે. એનસીસીના કેટેડ્સ વિવિધ યુજી-પીજી કોર્સમાં અભ્યાસ કરતાં હોય છે. ત્યારે નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન પરેડ અને કેમ્પને પગલે સેમીસ્ટર એન્ડની પરીક્ષાઓ આપી શકતા નથી. જેથી યુજીસીએ તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર કરીને એનસીસી કેડેટ્સ માટે અલગથી પરીક્ષા યોજવા તાકીદ કરી છે.

એમએસ યુનિવર્સિટી સહિત રાજ્યની તમામ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ એનસીસી સાથે પણ જોડાયેલા હોય છે. જેમની નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં પરેડ તેમજ કેમ્પમાં જવાનું હોય છે. જેથી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સેમેસ્ટર એન્ડની પરીક્ષા આપી શકતા નથી. જેના પગલે વિદ્યાર્થીઓના શિક્ષણને અસર થઈ રહી છે. જેને ધ્યાને રાખી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા ખાસ પરિપત્ર કરવામાં આવ્યો છે.

યુજીસીએ તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર કરીને જણાવ્યુ છે કે, એનસીસી એટલે કે નેશનલ કેડેટ કોર્પ્સ કેન્દ્ર સરકારથી માંડી રાજ્યની સરકારની વિવિધ કામગીરીમાં તેમજ શિક્ષણ વિભાગ માટે જરૂરી કામગીરીમાં જોડાતા હોય છે. એનસીસીના વોલિન્ટિયર્સ રાષ્ટ્ર નિર્માણની અનેક પ્રવૃત્તિઓમાં સક્રીય રીતે જોડાઈને મહત્વની કામગીરી કરે છે.

યુજીસીના ધ્યાને આવ્યું છે કે, મોટા ભાગે નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન યુનિવર્સિટીઓની સેમેસ્ટર પરીક્ષાઓ હોય છે અને આ સમયમાં જ એનસીસી માટે રીપબ્લિક ડેને લઈને પરેડ તેમજ ટ્રેનિંગ કેમ્પ યોજાતા હોય છે. જેમાં એનસીસીના વિદ્યાર્થીઓ વ્યસ્ત હોવાથી સેમેસ્ટર પરીક્ષા આપી ન શકતા મુશ્કેલી ઉભી થાય છે.

આ બાબતે યુનિવર્સિટીઓ વિચારણા કરે અને એનસીસીના વિદ્યાર્થીઓ માટે ખાસ પરીક્ષાનું આયોજન કરે તે જરૂરી છે. એનસીસી માટે ખાસ અલગથી પરીક્ષાઓ યુનિવર્સિટીઓએ યોજવી જોઈએ અને જે પરીક્ષાઓને રી-ટેસ્ટ કે રીપિટર એક્ઝામ તરીકે ગણતરીમાં ન લેવામા આવે. જેથી એનસીસીના વિદ્યાર્થીઓ આ ખાસ પરીક્ષા આપી શકે અને તેમના અભ્યાસમાં મુશ્કેલી ન પડે. તમામ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને યુજીસી દ્વારા એનસીસી કેડેટ્સ માટે ખાસ પરીક્ષાનું આયોજન કરવા તાકીદ કરવામા આવી છે.